# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૩/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# પોર્ટ ઉપરથી માલની સીધી જ ડિલીવરીની સુવિધા વિશે ચેમ્બર દ્વારા અવેરનેસ સેશન યોજાયુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને અદાણી હજીરા પોર્ટ લિમિટેડના સંયુકત ઉપક્રમે બુધવારે, તા. ૧૨ જૂન, ૨૦૧૯ના રોજ સાંજે ૬:૩૦ કલાકે અઠવાલાઇન્સ સ્થિત હોટેલ ગેટ વે ખાતે 'પોર્ટ ઉપરથી માલની સીધી જ ડિલીવરીની સુવિધા' વિશે અવેરનેસ સેશન યોજાયુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે કસ્ટમ વિભાગના ડેપ્યુટી કમિશનર ડો. પ્રશાંત વારવંટકરે વેપારી ભાઇઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, ડાયરેકટ પોર્ટ ડિલીવરીથી આયાત અને નિર્યાતને ખૂબ જ વેગ મળશે અને આ સુવિધાથી પોર્ટથી જુદી–જુદી જગ્યાએ માલની હેરફેર ખૂબ જ ઝડપી બનશે. પોર્ટ પરથી ઇમ્પોર્ટ કરેલી માલની વ્યવસ્થિત રીતે જે તે વેપારી સંસ્થાઓમાં પહોંચાડવા માટે જે મુશ્કેલી નડતી હોય છે તેમાં કસ્ટમ કલીયરન્સ અને માલ ઉતર્યાથી ડિસ્પેચ સુધીના અનેકવિધ કાયદાકીય આંટીઘુંટીઓમાંથી ડાયરેકટ પોર્ટ ડિલીવરી માલને હેરફેર માટે સવલત ઉભી કરે અને કસ્ટમ ડિપાર્ટમેન્ટની સાથે મળીને ખૂબ જ ઝડપી કાર્યવાહી પુરી થાય તેવું અદાણી હજીરા પોર્ટની વ્યવસ્થામાં ગોઠવાયેલ છે તે ખૂબ જ આવકારદાયક છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આ સવલતથી ટૂંક સમયમાં નાવાસાકા પોર્ટ પરથી જે આયાત થાય છે તેના બદલે હજીરા પોર્ટ પર લોકો માલ મંગાવતા થઇ જશે. આથી તેઓ સમય તેમજ નાણાની મોટી બચત કરી શકશે. ટૂંકમાં ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીને લાભ થશે. તેમણે દાખલો આપતા કહયુ હતુ કે તાજેતરમાં સુરત – શારજાહની હવાઇ ઉડાન શરૂ થઇ હતી. જેમાં મોટાભાગના વેપારી ભાઇઓ મુંબઇને બદલે સુરતથી શારજાહ જવાનું પસંદ કરે છે. આવું જ કંઈક ડીપીડી સુવિધાથી નાવાસાકાથી હજીરા પોર્ટ પરથી મોટાપાયે લોકો આયાત – નિકાસનો વેપાર કરશે. તેમણે કસ્ટમના ડેપ્યુટી કમિશનર ડો. પ્રશાંત વારવંટકરની આ સુવિધામાં ખૂબ જ પ્રશંસનીય કામગીરીને આવકારી હતી.

અદાણી હજીરા પોર્ટ લિમિટેડના સીઇઓ શ્રી પ્રણવ ચૌધરીએ અદાણી પોર્ટ લિમિટેડ દ્વારા હજીરા પોર્ટ પરથી આપવામાં આવતી ડીપીડી સુવિધાનું વિગતવાર વિવરણ કરી તે સુવિધાનો લાભ લેવા વેપાર – ઉદ્યોગના પ્રતિનિધિઓને આમંત્રણ આપ્યુ હતુ.

કસ્ટમના ડેપ્યુટી કમિશનર ડો. પ્રશાંત વારવાંટકરે જણાવ્યુ હતુ કે, સરકાર તરફથી હજીરા પોર્ટ પરથી આપવામાં આવતી સુવિધાની માહિતી આપી હતી અને ટૂંક સમયમાં આ સુવિધાથી પોર્ટે વેપારનો એક ખૂબ જ આકર્ષક લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. તેઓએ આ બાબતે વેપાર – ઉદ્યોગના પ્રતિનિધીઓને માત્ર ચાર જ ફોર્મ ભરવાના હોઇ તેમાં થોડી ચીવટ રાખે તેવો આગ્રહ રાખ્યો હતો. જેથી અરજદારોને પોતાનો માલ ઝડપથી મેળવવામાં સરકાર તરફથી ઝડપી કલીયરન્સ મળે. તેમણે આ બાબતે ચેમ્બર સાથે કાર્યક્રમો કરી વેપાર – ઉદ્યોગને માહિતગાર કરવાનું સૂચન કર્યુ હતું.

અદાણી હજીરા પોર્ટ લિમિટેડના સીઓઓ શ્રી હુસેન હદાદે જણાવ્યુ હતુ કે, હજીરા પોર્ટની પીડીપીની સુવિધાથી માલની આયાત અને નિકાસમાં ઝડપી કાર્યવાહી થવાથી વોરફેઝ, ડેમરેજ અને માલને જેટી પર રોકી રાખવાના ખર્ચામાંથી સંપૂર્ણ મુકિત મળી શકે છે. તેમણે આ વિશે ચેમ્બર સાથે વધુ કાર્યક્રમો યોજવાની તૈયારી બતાવી હતી.

આ અવેરનેસ સેશનમાં વેપારી ભાઇઓએ અનેકવિધ પ્રશ્નો થકી પોતાને નડતી મુશ્કેલીઓની રજુઆત કરી હતી. જેને નિષ્ણાંતોએ સંતોષકારક રીતે સમજાવી હતી. અંતે ચેમ્બરના ઇવેન્ટ એન્ડ પ્રોગ્રામ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.